(૫.૧) આ કામે ફરીયાદકપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતા ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદ રજાક ઈબ્રાહીમ નાંધીયાનાઓને આંક–૦૮ થી તપાસેલ છે, તેઓએ આંક–૦૯ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ત્યારબાદ બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ નહી હોવાનું કબુલ રાખેલ છે. આમ, પંચ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૫.૨) આ કામના તપાસ કરનાર અમલદાર ચંદ્રેશભાઈ છગનભાઈ પરમારનાઓને આંક–૧૦ થી તપાસતા તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૨૬ની સાલમાં તેઓ જોડીયા પો.સ્ટે.માં પો.હેડ.કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓ એલ.સી.બી. સ્ટાફના મયુરસિંહ જટુભા પરમારનાઓએ પ્રોહી. એક્ટ કલમ ૬૫ એ, એ અન્વયેની ફરીયાદ જોડીયા પો.સ્ટે.માં રજુ કરતા સદર ફરીયાદ પી.એસ.ઓ. તરફથી તેઓ તરફ તપાસ માટે ડેપ્યુટ થતા સદર ફરીયાદ અન્વયે રજુ થયેલ મુદ્દામાલ એક પ્લાસ્ટિકના કેનમાંથી પ્લાસ્ટિકની બોટલ ભરેલ સેમ્પલ એફ.એસ.એલ. તપાસણી અર્થએ મોકલી આપેલ. જે રવાનગી પત્રક આ કામે આંક–૧૧ થી રજુ કરેલ છે. તેમજ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ મોકલી આપેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખે છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદારે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, ફરીયાદી તેમના પોલીસ સ્ટાફના કર્મચારી છે, રેઈડ દરમ્યાન તેઓ સાથે હાજર ન હતા, પંચનામું તેઓની રૂબરૂમાં થયેલ નથી. તેઓએ ફક્ત મુદ્દામાલ સેમ્પલ અર્થે મોકલી આપેલ.

